R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

SEPTEMBER - 2016

Total - 36 Pages


Vol No. 60 Issue No.6

## દિપોત્સવી બક્ષિસ

ગરવા ગરબા



દાંડીયા રાસ



શુભ

લાભ

રંગોળી

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**સંચાલિત**

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાલા)

**પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ**



# દાંડીયા રાસ



**મુખ્ય મહેમાન**

## શ્રી રમેશચંદ્ર ઓચ્છવલાલ કડકીઆ (બેરા)

તા. ૧૬-૧૦-૨૦૧૬ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે, સ્થળઃ કેવલ બાગ, ફ્લાય ઓવર બ્રીજની બાજુમાં કાંદિવલી (વેસ્ટ)

ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી રમાડવામાં આવશે.

આ સાથે મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯

ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે. જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તે તા. ૨-૧૦-૨૦૧૬ પહેલા સંસ્થાના નીચે જણાવેલ કાર્યકર્તાઓને પહોંચાડી આપે.

| | |
|---|---|
| ૧) શ્રી હેમેન્દ્ર શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬ | ૨) શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯ |
| ૩) શ્રી અજય દોશી - ૯૮૧૯૩૪૨૮૫૬ | ૪) સંસ્થાની ઓફીસ - ૨૩૮૮૭૦૦૬ |

મંત્રી : શ્રી ભાવેશ મોદી

સંયોજક : શ્રી કેતન કડકીઆ

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૬૦ | ૬ | ૨૧-૦૯-૨૦૧૬ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# ગરબા
## હોંશે હોંશે રમાતી અને શિખાતી આપણી લોકકળા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

છેલાજી રે ! બિરલા માતૃશ્રી સભાગૃહમાં થોડાક વર્ષ પૂર્વે આપણી જ બાલાસિનોરની બહેનો દ્વારા દિવાળીના મેળાવડા દરમ્યાન પ્રસ્તુત કરેલો નયનરમ્ય ગરબો આજે પણ ચિત્રપટ્ટીની જેમ નજર સમક્ષ તાદૃશ્ય થાય છે. લટકો, મટકો અને વટના કટકા જેવો આ ગરબો સ્ટેજ પર રજૂ થતા જ લોકો આફરીન પોકારી ગયા હતા અને વન્સ મોરની દાદ ચાહી હતી. આ ગરબાના મુખ્ય આકર્ષણ હતા શ્રી અવિનાશ વ્યાસ રચિત છેલાજી રે! નામનો ઓલ ટાઈમ સુપરહીટ ગરબો, લોકકળાની સુંદર ગરબાગૂંથણી, સોળે શણગાર સજેલી સોહાગણની જેમ વેશભૂષામાં ભારોભાર સોનાના શણગાર, અંબોડલે ઝૂલતી સોહામણી ઝૂલ અને આ સૌમાં શ્રેષ્ઠ રંગબેરંગી જરીચોક સેલા સાથે એકસરખા જરીબ્રોકેટના બ્લાઉઝ વિવિધતામાં એકતા અને સ્ત્રીશક્તિના સંગઠનનું પ્રતિક દર્શાવતા હતા. ગીત, સંગીત અને લોકકળારૂપી ગરબાનો ત્રિવેણી સંગમ હોય પછી પૂછવું જ શું ?

પૂછપરછ તો ચારે તરફ થવા લાગી છે, ગરબા શિખવા માટેની. નવરાત્રી નજીક આવતા જ જુવાનહૈયામાં તાલાવેલી જાગે છે. ગરબા ક્યાં રમીશું, કોની સાથે રમીશું ? નવી નવી એકશનો શિખવા માટે અને વધુ પરફેક્ટ બનવા માટે કયા ગરબા કલાસીસ જોઈન્ટ કરીશું વગેરે વગેરે...

જ્યારે ગરબા શિખવાનું નક્કી કર્યું હોય ત્યારે શિખવનાર માટે એક ચેલેન્જ થઈ જાય છે કે નવું શું શિખવવાનું છે. એક શિક્ષક, ટ્રેઈનર જ ગરબાની

શરૂઆત (બેઝીક) કેવી રીતે કરવી તે શિખવી શકે છે. ગરબા શિખવા માટે એક સ્ટુડન્ટ ટીચર-ટ્રેઈનર પાસે આવે છે તો શરૂઆત કેવી રીતે થતી હોય છે ? આ જાણવા ચાલો નૃત્યમ એકેડેમીમાં જેના સંચાલિકા છે પ્રિતી સંપટ અને તેમના આસિસ્ટન્ટસ્ છે જ્યોતિ શાહ, વૈભવ ગુપ્તા. બોરીવલી અને દહીંસરમાં ગરબાના ક્લાસીસ ચલાવતા જ્યોતિ શાહ હર્ષભેર જણાવે છે કે ગરબા શિખવા ઉંમર નો કોઈ બાધ નથી. દરેક ઉંમરની વ્યક્તિ ગરબા શિખવા હોંશભેર જોડાય છે. અહીં ગરબા ઉપરાંત બધી જ ટાઈપના ડાન્સ ફોમ્સ્ શિખવાડાય છે. દા.ત. બોલીવુડ, સાલ્સા, ઝુમ્બા, હિપોપ વગેરે અહીં મુંબઈગરાને મોર્ડન સ્ટાઈલના અભરખા હોય છે તેને ધ્યાનમાં રાખીને ગરબાની એકશનો, ગ્રુપમાં ગરબાગૂંથણી શિખવાડાય છે. મોટા ભાગના આ પ્રકારના કલાસીસમાં ટ્રેડીશનલ ડ્રેસ પહેરવાની છૂટછાટ નથી અપાતી પરંતુ અહીં ગરબાનો આનંદ લેવા અને કંઈક નવું શિખવા છોકરીઓને ઘાઘરો તેમજ છોકરાઓને કેડીયું, ધોતી વગેરે પહેરવાની પરવાનગી આપવામાં આવે છે. ગરબાનો ક્રેઝ એટલો વધી ગયો છે કે ગુજરાતી તથા નોન ગુજરાતી પણ ગરબા શિખવા આવે છે. શરૂઆતમાં ગરબાનું જ્ઞાન અપાય છે, સમજાવાય છે અને સાવ પાયામાંથી એટલે કે બેઝીક શરૂઆત થાય છે આ સમજાય, આ શિખાય એટલે ગરબાના ગીતની કડી સાથે એક એક સ્ટેપ્સ શિખવાડાય, પ્રેકટીસ કરાવાય.

જ્યોતિ શાહ પોતાના અનુભવ કહેતા જણાવે છે કે ગરબા ગુજરાતીઓ જ રમે એ જરૂરી નથી. અમારી પાસે જે નોન ગુજરાતીઓ ગરબા શિખવા આવે છે તેમાં એક સિંધી સ્ટુડન્ટે એક અનોખા સંકલ્પ સાથે અમારા ક્લાસીસ શરૂ કર્યા છે. આ સિંધી સ્ટુડન્ટની સોસાયટી ગુજરાતીઓની છે તેને પણ આ વખતની નવરાત્રીમાં ગરબા રમવા છે. એક ગુજરાતીને ટક્કર મારે તેવા સુપર્બ ગરબા શિખવા છે. અવ્વલ નંબરે આવી સોસાયટીનું ઈનામ હાંસલ કરવું છે.

ગરબાનું ઘેલું સૌને લાગ્યું છે. નવરાત્રીના પડઘમ વાગતા જ ઢોલ, શરણાઈ, ઓર્કેસ્ટ્રા, ગાયકો, ટ્રેડીશનલ ડ્રેસીસ, તેને અનુરૂપ દાગીનાની બોલબાલા વધી જાય છે. ચારે તરફ નવરાત્રીનો ધમધમાટ શરૂ થઈ જાય છે. નવરાત્રી એટલે અધર્મ પર ધર્મનો વિજય, દૈવી શક્તિનો આસુરી શક્તિ ઉપર વિજયનો તહેવાર.

નવરાત્રીનાં તહેવારનું ધાર્મિક હાર્દ આ રીતે સાંભળવા મળે છે. વર્ષો પહેલાં આ પ્રદેશમાં મહિષાસુર નામનો રાક્ષસ ઘણો ક્રૂર અને ઘાતકી હતો. તે પ્રજા ઉપર જુલમ અને ત્રાસ વર્તાવતો હતો. લોકો તેના આવા ત્રાસથી કંટાળી ત્રાહિમામ પોકારી ગયા હતા. આ રાક્ષસને એવું વરદાન બ્રહ્મા તરફથી મળ્યું હતું કે કોઈનાથી (પુરુષ, પ્રાણી વગેરે) મરાય નહીં. લોકો ભેગા થઈને ભગવાન શિવ પાસે ગયા. તેમને રાક્ષસની વાત કરી. ભગવાને બધી વાત સાંભળી. શિવજીએ પોતાના ત્રીજા નેત્રથી શક્તિ ઉત્પન્ન કરી અને એ આદ્યશક્તિ ના રૂપમાં માતા અંબાજી ઉત્પન્ન થયા. લોકોએ માતા અંબાજીની ઉગ્ર આરાધના કરી. તપ કરી માતાજીને પ્રસન્ન કર્યા. તેમણે મહિષાસુરને મારી નાખવાનું વચન આપ્યું.

માતા અંબાએ શક્તિનું રૂપ લઈ સતત નવ દિવસ સુધી આ અતિ બળવાન રાક્ષસ સાથે જુદી જુદી રીતે યુધ્ધ કર્યું. દશમા દિવસે મહિષાસુરને અંબા માતાએ મારી નાખ્યો. આમ અંબા માતાએ લોકોને મહિષાસુરના ત્રાસમાંથી છોડાવ્યા તેના સ્મરણમાં આ લોકોએ અંબામાતાનો આભાર માની તેની ભક્તિ શરૂ કરી અને અંબા માતાની પ્રતિમા રાખી લોકો ભેગા થઈને તેમનાં ગુણગાન ગાવા માંડયા. પહેલાં સ્ત્રીઓ ભેગી થઈને માતાજીના ગુણ ગાતા. ગીતો ગાઈને ગોળાકારમાં ફરવા લાગી ને માથે ઘડુલિયો (માટીનો ઘડો) મૂકીને નૃત્ય કરવા લાગીને તે સમય જતાં ગરબો અસ્તિત્વમાં આવ્યો. આવો લોકોત્સવ એટલે નવરાત્રી માતાના ગરબા ગાવાનો રૂડો અવસર.


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

## હીંડોળા ખાટ

૧) ઈંધણા વીણવા
ગૈતી મોરી સૈયર
ઈંધણા વીણવા ગઈતી રે લોલ
૨) નાગર નંદજીના લાલ
રાસ રમતાં મારી નથડી ખોવાણી
૩) છાનુ રે છપનું કઈ થાય નહીં
થાય નહિ ઝમકે ના ઝાંઝર કહેવાય નહીં
૪) વા વાયા ને વાદળ ઉમટયા,
ગોકુળમાં ટહુક્યા મોર,
૫) ઢોલીડા ઢોલ ધીમે ધીમે વગાડના
ધીમે વગાડના, ધીમે વગાડના
૬) તારી બાંકી રે પાઘલડીનું ફુમતુ રે
મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળિયા તને અમથું !
૭) તાલીઓના તાલે ગોરી ગરબે
ઘુમી જાય રે,
પુનમની રાત... ઉગી પુનમની રાત.

## ગરબાની કડી જોડો

ક) એક ઘાયલ ને પાયલ
બે છુપ્યા છુપાય નહીં.
ખ) તારા પગનું પગરખું,
ચમચમતું રે,
ગ) મળવા આવો
સુંદિરવર શામળિયા
ઘ) રઢિયાળી રાતડીનો
જોજે રંગ જાય ના.
ચ) આસમાની
ચૂંદડીમાં, લહેરણિયાં
લ્હેરાય રે.
છ) વેળા બપોરની
થૈતી મોરી સૈયર
જ) કાના જડી હોય
તો આલ

**જવાબઃ ૧-છ, ૨-જ, ૩-ક, ૪-ગ, ૫-ઘ, ૬-ખ, ૭-ચ**

# મારે સંગીતને જાણવું છે

**- મનીષા શાહ**

ગયા લેખમાં આપણે સંગીતના પ્રકાર જાણ્યા.

સગીતમાં વપરાતા વિવિધ શબ્દો ધ્વનિ, નાદ, સ્વર અને સપ્તક એટલે શું ?

**ધ્વનિઃ** કોઈપણ ગીતના ગાવાથી જે અવાજ ઉત્પન થાય તેનું નામ ધ્વનિ. ધ્વનિની ઉત્ત્પતિ કંપનથી થાય છે.

જેમ કે ઢોલક, તબલા અને પખવાજમાં ચામડાથી ધ્વનિ ઉત્પન્ન થાય. સિતાર, બેલાબહારમાં તારથી ઉત્પન્ન થાય. બાંસુરી અને શહનાઈમાં હવાથી ઉત્પન્ન થાય એ ધ્વનિ.

**નાદઃ** સંગીતમાં જે ધ્વનિ નિયમિત હોય, મધુર કે સ્થિર હોય જે આપણને સાંભળવો ગમે તે ધ્વનિને નાદ કહેવાય છે.

નાદના પણ બે પ્રકાર **નાનો નાદ** અને **મોટો નાદ.**

જે ધ્વનિ ધીરેથી ઉત્પન થાય. તાનપુરાના તારને જરા ધીરેથી છોડવામાં આવે એટલે કે કંપન જ્યારે વધારે સમય છોડીને હોય ત્યારે તેને નાનો નાદ કહેવાય.

જે ધ્વનિ જોરથી વગાડે અને વધારે ઝડપથી કે કંપન વગાડે ત્યારે તે થાય છે. મોટો નાદ.

**શ્રુતિઃ** નાદ અસંખ્ય હોય છે પણ સંગીતના વિદ્વાન સા થી નિ સુધી જેટલા નાદ ઉત્પન થાય તેવા ૨૨ના ઉપયોગ જ થઈ શકે. આ ૨૨ નાદના સમૂહને જે નાદ આપણે સમજી શકીએ, સાંભળી શકીએ તેને શ્રુતિ કહેવાય.

**સ્વરઃ** આ ૨૨ શ્રુતિઓમાંથી જ સ્વર નીકળે છે. એટલે સા રે ગ મ પ ધ નિ આને કહેવાય સ્વર.

હવે આપણે જાણ્યુ કે સ્વર કોને કહેવાય.

**સ્વરના બે પ્રકાર**

**શુદ્ધ સ્વર :** સ્વર જે પોતાના નિશ્ચિત સ્થાન પર જ હોય સાત શુદ્ધ શ્વર સા રે ગ મ પ ધ નિ

**વિકૃત સ્વરઃ** જે સ્વર પોતાના નિશ્ચિત સ્થાનથી કોઈવાર ઉપર ચઢે કે નીચે જાય.

(અ) **કોમલ સ્વરઃ** જે સ્વર પોતાના સ્થાનથી નીચે ગવાય રે, ગ, ધ, નિ કોલમ હોઈ શકે.

(બ) **તીવ્ર સ્વરઃ** જે સ્વર પોતે સ્થાનથી થોડે ક જ ઉપર ગવાય મ તીવ્ર હોય શકે.

સા અને પ અચલ સ્વર કહેવાય. તેઓ ન કોમલ હોય કે તીવ્ર. તે એક જ રીતે ગાય શકાય.

**સપ્તકઃ** સાત શુદ્ધ શ્વરોના સમૂહને સપ્તક કહેવાય. સા થી નિ એક સપ્તક કહેવાય.

**મન્દ્ર સપ્તકઃ** જ્યારે સા થી નિ મન્દમાં ગાય શકાય.

**મધ્ય સપ્તકઃ** જ્યારે સા થી નિ મધ્ય ઊંચાઈમાં ગવાય.

**તાર સપ્તકઃ** જ્યારે સા થી નિ પહેલા બીજાથી પણ ઊંચાઈમાં ગવાય.

આવતા અંકમમાં જાણશું, થાટ અને તેમાંથી ઉત્પન થાય તે રાગો.


સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા ના જે જે શ્રી ગોકુલેશ

# મેલા કપડાં જાહેરમાં ધોવા

**- નિખિલ પરીખ**

જીંદગીની અનેક વ્યાખ્યાઓ લોકોએ આપી છે. જીંદગી એટલે માની કોખથી ધરતીની ગોદ સુધીની સફર, 'ઝીંદગી એટલે વિસ્મય થી વિસામા સુધીની સફર', 'જીંદગી એટલે બહારી કોલાહલથી અંતરનાદની યાત્રા'.

આ બધી સફર માનવીની પોતાની એકલાની સફર છે પરંતુ માનવી જ્યારે દુનિયામાં કેટલાંયે બીજા માનવો સાથે જીંદગી જીવે છે ત્યારે 'જીંદગી એટલે સંબંધોના સરવાળા અને બાદબાકી' એ વ્યાખ્યા મને વધુ યોગ્ય લાગે છે.

માનવી જન્મની સાથે જ કેટલાંક સંબંધો લઈને આવે છે. આ જન્મ સાથેના સંબંધોને આપણે કુટુંબીજનો નામ આપ્યું છે. માનવી જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ એના સંબંધોનું વર્તુળ વધતું જાય છે. મિત્રો, કલીગ, કલ્યાયન્ટ, સહપ્રવાસી જેવા કેટલાંયે સંબંધો એ બાંધે છે. કેટલાંક સ્વાર્થ માટે હોય છે તો કેટલાંક જરૂરિયાત પુરતાં હોય છે. કેટલાંક ઘનિષ્ટ બને છે. તો કેટલાંક નાનકડી સફરમાંજ પુરા થઈ જાય છે. કેટલાંક સંબંધો લાગણીના હોય તો કેટલાંક માગણીના. કેટલાંક સ્વાર્થના હોય તો કેટલાંક પરમાર્થના કેટલાંક છીછરાં તો કેટલાંક પાતાળ કરતાં ઊંડા. આમ સંબંધોના સમીકરણો બદલાતાં રહે છે.

આ સરવાળા બાદબાકીની સફરમાં માનવી એક મોટો સરવાળો લગ્ન સંબંધનો કરે છે. ક્યારેક પ્રેમ સંબંધ લગ્નમાં પરિણમે તો ક્યારેક લગ્ન સંબંધ પ્રેમસંબંધ સુધી પહોંચે. આ સંબંધ સમાજની સાક્ષીમાં બંધાય અને એની ઉપર કાયદાની મહોર પણ લાગે. આ સંબંધમાં ફક્ત સરવાળો કરી બાળકોના નવા સંબંધો બાંધવાની છુટ છે પરંતુ બાદબાકી ને અવકાશ નથી હોતો.

સંબંધ એટલે સમ-બંધ, બે માનવી વચ્ચેનું સરખું બંધન, આ બંધન ત્યારે જ ટકે જ્યારે બન્ને બાજુથી એને બાંધી રાખવાના સરખાં પ્રયત્નો થતાં રહે. પરંતુ બંધન છે એટલે છુટવાની શક્યતાઓ પણ રહેવાની જ કેટલાંક સંબંધો દિવસોમાં કે મહિનાઓમાં છુટી જાય કેટલાંક વર્ષો સુધી રહે અને ક્ષીણ થતાં જાય. કેટલાંક વર્ષો સાથે ઘનિષ્ટ બને અને છેક સ્મશાન માં છુટે પણ જીંદગીના અંતમાં બધા સરવાળા બાદબાકીનું રીઝલ્ટ તો શુન્ય જ થઈ જાય. બંધન તુટી જાય, સંબંધ બધા છુટી જાય એનું નામ જ મૃત્યુ.

આમ સંબંધો છુટે જ છે પરંતુ જીવનકાળમાં

છુટતાં સંબંધોમાં પછી એ મૈત્રી હોય કે કૌટુંબિક, વ્યાવસાયીક હોય કે સામાજીક પતિ પત્નીના હોય કે સંતાનો સાથેના, એ છુટતાં સંબંધોની ગરિમા જળવાવી જોઈએ. આ માનવ સ્વભાવ છે કે ક્યારેક એને સંબંધોમાં ગેરસમજ, અહમ, ઈર્ષ્યા, કટુવાણી, સ્વાર્થ, અવિશ્વાસ વચ્ચે આવે અને એને સંબંધોથી અળગા થવાનું મન થાય, ક્યારેક બાંધછોડ કરવાની ક્ષમતાનો અંત આવે કે સોરી શબ્દ ભારેખમ બની જાય, પરંતુ આક્ષેપો, પ્રતિઆક્ષેપો, ઝગડાં મનામણાં પછી પણ સંબંધોમાં સમાધાનની શક્યતા ન દેખાય તો એ સંબંધનો શાંતિપૂર્વક અંત લાવવો વધુ સારું છે. **'જીસ બાત કો અંજામ તક લાના ના હો મુમકીન ઉસે એક ખુબસુરત મોડ દે કર છોડના અચ્છા'**.

હા પંરતુ કોઈ પણ સંબંધનો અંત લાવતાં પહેલાં બન્ને બાજુથી genuine પ્રયત્નો થવાં જોઈએ. થોડી ઘણી બાંધછોડ કરવાની, બીજાના સ્વભાવને અપનાવવાની, માફ કરી દેવાની તૈયારી બન્ને પક્ષે હોવી જ જોઈએ અને આ બધા પ્રયત્નો પછી જો એ સંબંધ Point of no Return ના તબક્કે પહોંચી જાય તો એક બીજાની સાથે વાત કરીને એ સંબંધને એક ખુબસુરત મોડ આપીને છુટાં પડવું જોઈએ.

આવી રીતે છુટા પડેલાં એક દંપતિનો કિસ્સાનો હું સાક્ષી છું. એ પતિ-પત્ની, એક સુંદર જોડી કહી શકાય, બન્ને બુદ્ધિમંત, હોશિયાર અને દેખાવડાં. લગ્ન સંબંધના પ્રેમ સ્વરૂપ એક દીકરી પણ થઈ પરંતુ માનસિક મતભેદો વધવા લાગ્યાં, મનભેદ વધવાં લાગ્યાં અને બન્ને જણાએ એક બીજાથી છુટાં પડવાનું નક્કી કર્યું. ન તો એ બંન્ને જણાએ એકબીજા ઉપર જાહેરમાં આક્ષેપો કર્યા કે કાદવ ઉછાળ્યો ન તો એ બનેના કુટુંબીજનોએ. પતિ-પત્નીમાંથી કોઈએ દીકરીના મનમાં બીજા માટે ખરાબ વાતો કરીને એકબીજાથી દુર કરવાના પ્રયત્નો પણ ન કર્યા. દીકરી માતા પાસે રહી પણ પિતા સાથે પણ એ એક દિવસમાં આખું અઠવાડિયું જીવી લેતી. છુટા પડેલાં એ પતિ પત્નીએ બીજા કોઈ સંબંધ પણ નહોતાં સ્વીકાર્યા. આ વાતને વર્ષોના વહાણા વિત્યાં, દીકરી મોટી થઈ એને બંન્ને માબાપ માટે સરખોજ પ્રેમ. દીકરીએ માબાપને ભેગા કરવાનો પ્રયત્નો કર્યા. પતિ પત્નીના મતભેદો પણ આટલાં વર્ષે ઓછા થયાં હતાં. આજે આ દંપતિ અને દીકરી ફરીથી એક સાથે રહેતાં થયા છે. આ વસ્તુ એટલાં માટે શક્ય બની કારણકે એ લોકોએ સંબંધને એક ખુબસુરત મોડ આપીને છોડયો હતો. બન્ને પક્ષે જાહેરમાં મેલાં કપડાં ધોવા' ના પ્રયત્નો નહોતા કર્યા.

**'જાહેરમાં મેલા કપડાં ધોવા'** શિર્ષક વાંચીને તમારી નજર સમક્ષ મહાલક્ષ્મીનો ધોબીઘાટ કે બાલાસિનોરના સુદર્શન તળાવના કિનારે કપડાં ધોતી સ્ત્રીઓ આવી ગઈ હશે. સાબુની જાહેરાતોમાં પણ જાહેરમાં મેલાં કપડાં ધોવાની કોમ્પીટીશન યોજાય છે. બીજાના કપડાં ગંદા અને મારા દુધ જેવા સફેદ.

સંબંધોમાં પણ આમ જ થતું હોય છે. તુટેલાં સંબંધોમાં પોતે જવાબદાર નથી. પોતે સારા જ હતા બધો વાંક સામેવાળાનો હતો, એ દેખાડવા માટે લોકોની સહાનુભુતિ જીતવા માટે લોકો જાહેરમાં એકબીજા ઉપર કાદવ ઉછાળતાં હોય છે કે જાહેરમાં મેલાં કપડાં ધોતાં હોય છે. કોર્ટમાં છુટાછેડા માટે સામી વ્યક્તિ માટે ગંદા આક્ષેપો થતાં હોય છે. એકબીજાને બરબાદ કરી નાખવાના પ્રયત્નો થતાં હોય છે. વકીલોતો કોર્ટમાં જાહેરમાં મેલાં કપડાં ધોવાને બદલે કપડાં જ ઉતારી નાખતાં હોય છે. હોલીવુડ, બોલીવુડ કે ટેલીવુડમાં આવી જ રમતો જાહેરમાં રોજ રમાતી હોય છે

અને મિડીયાને મસાલો મળતો રહે છે. વિદેશમાં તો ઘરના નોકરો અને રસોઈયાઓ પણ આ મેલા કપડાં ધોવાની રમતમાં ભાગ લેતાં હોય છે.

મિત્ર હોય કે જીવનસાથી જે વ્યક્તિ સાથે તમે તમારા જીવનના સૌથી સુંદર દિવસો, સૌથી અંગત અને હસીન પળો ગુજારી હોય. જેની સાથે સંપુર્ણ વિશ્વાસથી પોતાની અંગત વાતો, પોતાની ખુબીઓ ખામીઓ શેર કરી હોય, જેની સાથે જીંદગીના હસીન સપનાઓ જોયા હોય. જેણે તમારા સપનાઓમાં રંગ પુર્યો હોય, જેણે સપનાઓ સાકાર કરવામાં તમારો સંપુર્ણ સાથ આપ્યો હોય. જેની સાથે તમે તમારી જાત કરતાં પણ વધુ આત્મીયતાં અનુભવી હોય એની સાથેનો સંબંધ છુટે ત્યારે પણ એણે તમારા ઉપર મુકેલાં વિશ્વાસની દોર ન તુટવી જોઈએ એની અંગત વાતો જાહેરમાં ઉછાળવી ન જોઈએ. એની ખુબી, ખામીઓને જાહેરમાં મશ્કરીરૂપ ન બનાવવી જોઈએ. પોતાની બાજુ સાચી ને સારી પુરવાર કરવાં સામેવાળાના વાંકને લોકો સમક્ષ મુકી એને ગુનેગાર બતાવવાની વ્યર્થ કોશિષ ન કરવી જોઈએ. એક બીજાના 'મેલા કપડાં જાહેરમાં ધોવા' ના જોઈએ. બસ એક બીજાને અલવિદા કહીને પોત પોતાને રસ્તે આગળ વધવું જોઈએ. ભવિષ્યમાં ક્યારેક સામે મળીએ ત્યારે એકબીજાની આંખમાં એ જુના પ્રેમનો એક નાનકડો ઝલકારો કે દિલમાં ઉઠતી નાનકડી રીસની શક્યતાઓ છોડી ને જવું જોઈએ. ફરીથી એ જુના સંબંધોનાં પુલ બંધાવાની જગ્યા રાખીને છુટાં પડવું જોઈએ.

જીંદગીમાં સંબંધોની બાદબાકી થાય તો પણ દુશ્મનીનો સરવાળો તો ન જ થવો જોઈએ.

કાશ પેલા દંપતિની દીકરીની જેમ આપણા સંબંધોમાં પણ ફરીથી પુલ બાંધનાર કોક મળી આવે.

❖❖❖❖❖❖

# ગાઢ મૈત્રી

**- પ્રવીણા કડકીઆ**

રોજ ઝરૂખામાં બેસવાની સુંદર આદત આજે પણ ચાલુ છે. ઝરૂખામાં બેસીને બહારની દુનિયાને નિહાળતાં ક્યારે ભિતરમાં સરી જવાય તેનો ખ્યાલ નથી રહેતો. બાળપણના એ દિવસો હતાં રોજ અરબી સમુદ્રનાં મોજાં નિહાળતી તેનો સુંદર અવાજ મને કર્ણપ્રિય હતો. પૂનમની રાતના તેના ઘુઘવતાં મોજાનો અવાજ કાનને સુરીલો લાગતો. અમાસની રાતની નિરવ શાંતિમાં ખોવાઈ જતી. સમયનું ભાન પણ ન રહેતું. આમને આમ દિવસો, મહિના અને વર્ષોના વહાણા વાયા, આજે જીવનના સંધ્યા ટાણે બેસું ઝરૂખામાં અને અંદર ઉતરી તલાશ કરું. આ ઘુઘવાટ હવે શાંતિમાં પરિણમ્યો છે. બસ કેવી રીતે સમાજ ઉપયોગી કાર્ય કરું, તેના વિચારોમાં ખોવાઈ જાઉ છું. એકાંત સાથે ગાઢ મૈત્રીનો અનુભવ કરું છું. ભીડમાં ખોવાઈ જાઉં છું. જીવનના દરેક તબક્કા દરમ્યાન જુદા જુદા અનુભવમાંથી પસાર થવાનો લહાવો માણ્યો છે. જીવનસાથીનો સંગ મધદરિયે ગુમાવ્યો છતાં વિયોગના આઘાતમાંથી બહાર આવી જીવન સફળ કરવાનો નિર્ધાર કર્યો. પ્રેમાળ બાળકોની પ્રગતિ જોઈ સંતોષની લાગણી અનુભવતાં.

બેટા તું નોકરી પર જા. હું છું ને ઘરમાં પછી શાની ચિંતા કરે છે? અનિતા બોલી રહી. નિવૃત્તિમય પ્રવૃત્તિમય જીવન જચી ગયું હતું. હવે ન નોકરીએ જવાની ધમાલ કે ન કોઈના લંચ બોક્સ તૈયાર કરવાના. ઘરમાંથી બધા આઠ પહેલા વિદાય થઈ જાય. પછી નિરાંતે ચા બનાવે અને છાપું લઈને વાંચવા બેસે. રોજ 'સુડોક' સોલ્વ કરવાનું. જમ્બલ વર્ડસ બનાવવાના. ખૂબ ગમતું દિમાગને કસરત મળે એ નફામાં. અચાનક વિચાર સ્ફૂર્યો ૨૧મી સદીમાં માનવી પૈસાને આટલું બધું મહત્વ કેમ આપતો હશે ? હા, તે જીવનની જરૂરિયાતની વસ્તુ છે ! તેમાં શંકાને સ્થાન નથી ?

કિંતુ સારા ચારિત્ર સમાન કોઈ પવિત્ર ધન નથી. માણસ પૈસાથી ધનવાન કહેવાય તેના જેવી કોઈ કરૂણતા નથી. જે દિવસે પૈસો માનવને માપવાનું બેરોમિટર ગણાશે તે દિવસે આ ધરા પર અમાસના અંધારા છવાશે. મહાપુરૂષો, ઋષિઓ તેમના ચારિત્રથી શોભાયમાન છે. જેને કારણે સદીઓ અને યુગો પછી પણ તેઓ પંકાય છે.

પૈસા યા લક્ષ્મી ચંચળ છે. તેને પામવી યા ગુમાવવી આસાન છે. પૈસા વગરનો માનવ કંગાલ નથી ગણાતો. ચારિત્ર વગરના માનવની કશી કિંમત નથી. ચારિત્ર કોઈ પણ ભોગે સુરક્ષિત હોવું જોઈએ. ચારિત્રહીન માનવ ભલેને પૈસામાં આળોટતો હશે તો પણ તેની કસી કિંમત નહી હોય. સામાન્ય માનવ, જેની પાસે સવારે ખાધા પછી રાત્રે મળશે કે નહી એવો પ્રશ્ન ઉભો હોય છતા તે જો ચારિત્રવાન હશે તો આધાર પામશે. પૈસો સર્વસ્વ છે એ વિચાર અસ્થાને છે. ધનવાનો ખુલ્લે આમ જાણતા હોય છે કે આ હું નથી બોલતો મારો પૈસો બોલે છે! તેમને આદર અને સન્માન માત્ર સ્વાર્થ સાધવા પૂરતો હોય છે. સ્વાર્થ સર્યો અને હું કોણ તું કોણ જેવા હાલ થાય છે. જો પૈસા સાથે ચારિત્રનું બળ હોય તો સોનામાં સુગંધ જેવું લાગે છે. જે દિવસે પૈસાથી માનવીની કિંમત અંકાશે ત્યારે એ સમાજ ક્યાં જઈને અટકશે એ ગહન પ્રશ્ન છે !

પૈસાથી બધું ખરીદી શકાય ? ઉંઘ અને શાંતિ પૈસો કદી મેળવી નહી આપે! ચારિત્રની વાત બહુ દૂર રહી. મનુષ્યએ પ્રયત્ન દ્વારા કેળવેલી સજાગવૃત્તિથી ચારિત્રનું રક્ષણ કરવું. પૈસો તો હાથનો મેલ છે. ક્યારે છેહ દેશે તેની કોઈને ખબર નથી. માનવ ગુમાવેલ પૈસો મેળવવા શક્તિમાન છે. જેનું ચારિત્ર અનિતીનો પૈસો કમાવામાં સિથિલ થાય છે તેનું પતન નિશ્ચિત છે. તેનું રક્ષણ કરવા પ્રયત્ન રહેવું જરૂરી છે. પૈસો તો આજે છે ને કાલે નથી. જે ગુમાવ્યા પછી પાછો મેળવી શકાય. પૈસો ગુમાવવાથી આદર અને સન્માન ખોવાતા નથી. કિંતુ ચારિત્ર સિથિલ થાય પછી આદર સન્માન પાછા મેળવવા મુશકેલ છે. માનવનું પતન

તેનાથી સંભવિત બને તે હકિકત છે. યેન કેન પ્રકારેણ કદાચ માનવી પૈસો પ્રાપ્ત કરી શકે. સ્વના ચારિત્રનું રક્ષણ તેને સદાબહાર ઈજ્જત અને આદર આપવા સમર્થ છે. પૈસાની ઝાકમઝોળ તેને સ્પર્શી શકતી નથી.

ભૌતિકવાદના આજના યુગમાં કદાચ આ વાત કાનને સ્પર્શી ન શકે. અંતરાત્માનો અવાજ અવગણવો શક્ય નથી. પસીનાનો રોટલો રળી ખાનાર આરામથી હાથનું ઓશિકું બનાવી નસકોરાં બોલાવી શકે છે. જ્યારે અનિતીથી કે ગદ્દારીથી મેળવેલા પૈસા પાત્ર વ્યક્તિ, ૪૦ હાજરના પલંગમાં શિમલાના રૂની તળાઈ પર આળોટવામાં પસાર કરે છે.

યાદ આવે છે એક ભાઈની જુવાન દીકરીથી રસ્તા પર અકસ્માત થયો કહેવું આવશ્યક નથી કે પૈસાપાત્ર હતા. નવી નવી ગાડી ચલાવતાં શીખી હતી. રાતનો સમય હતો. રસ્તા પર ટ્રાફિક થોડો ઓછો હતો.

પપ્પા હું ગાડી ઘર સુધી ચલાવું ?

સાચવીને ચલાવીશ ?

હા, પપ્પા.

પપ્પાને થયું થોડી પ્રેક્ટિસ થશે. ભલેને ચલાવતી, હું બાજુમાં બેઠો છું.

દીકરી જરા વધારે પડતી ખુશ થઈ. કોઈ ગરીબનો જાન ગયો. અંધારામાં ફુટપાથ પર સૂતેલો માન... પછી તો પાંદડાની માફક કાંપતી હતી. પપ્પાએ પોલિસ આવે ત્યાં સુધી સંભાળી. રાતના કોઈ બેઘર રસ્તા પર સૂતો હતો. લોકોનું ટોળું ભેગું થાય એ પહેલાં પોલિસને પૈસા આપી દીકરીને બચાવી ભાગી છૂટયા. સવારે એ લત્તામાં ચાલતાં ગયા. કાન બધી વાતો સાંહળતા હતાં. એ જુવાન ગામથી આવ્યો હતો. મુંબઈમાં રોટલો રળવા. તેના માતા અને પિતાનો 'ચિરાગ' કાયમ માટે ઓલવાઈ ગયો. તેને ખુબ દુઃખ થયું. અજાણ્યા રાહી બની, આજુબાજુવાળા માણસો પાસેથી બધી વાત કઢાવી. તકલિફ જરૂર થઈ. ચેન પામવા માટે તેની બધી વિગતો ભેગી કરી. દીકરી ખૂબ ગભરાઈ ગઈ હતી. પપ્પા આપણે શું કરીએ ? તમે ભલે જેલમાં જતી બચાવી ! મારું દિલ મને ડંખે છે. મને ચેન પડતું નથી ! આ મારાથી શું થઈ ગયું ?

બેટા, તું ધીરજ ધર. આ કૃત્ય તેં જાણી જોઈને કર્યું નથી. જરૂર કોઈ રસ્તો શોધીશ. તારા મનને મનાવ, મારા પપ્પા મને સહાય કરશે. આખરે એ શેઠે તે જુવાનની બધી વિગત એકઠી કરી. દીકરીને જણાવ્યું. દીકરીએ સાથે આવવાનો આગ્રહ સેવ્યો. પપ્પા પોતાની દીકરીને નારાજ કરવા નહોતાં માંગતા. બાપ દીકરી તે જુવાનના ગામમાં જઈ તેના માલિક તરીકે ઓળખાણ આપી. ૧૫ લાખ રૂપિયા આપી આવ્યા. જુવાનના માતા અને પિતાએ ઉદાર દિલે અખસ્માત કરનારને માફ કર્યા. તેમને ખબર હતી દીકરો તો ગયો પણ જ્યાં નોકરી કરતો હતો એ શેઠે આવીને હાથ ઝાલ્યો. એ માતા પિતાને તેઓ જણાવી ન શક્યા કે તેઓ કારણ ભૂત હતા ! ઈશ્વરને મનમાં ને મનમાં પ્રાર્થના કરી, હે પ્રભુ ક્ષમા કરજે, આ વાત બતાવી નહી શક્યા !

આજે એ શેઠને અને તેની દીકરીને ગામથી પાછાં આવતા ગાડીમાં બેઠાં બેઠાં ઉંઘ આવી ગઈ ! જુવાન દીકરીના મુખ પર શાંતિ વરતાતી હતી. તેને પસ્તાવો ઘણો થયો હતો. એવું કૃત્ય થઈ ગયું હતું જે ભૂલવા મથીએ તો પણ ન ભૂલાય. તે અજાણ્યા યુવાનના માતા અને પિતાએ અકસ્માત કરનારના ગુનાને માફ કર્યો હતો. ગયેલો પુત્ર કોઈ પણ કિંમતે પાછો આવવાનો ન હતો. એમ મન મનાવવું રહયું કે મોત વિધાતાએ એ પ્રમાણે લખ્યું હશે !

ઝરૂખામાં બેસવાની આદત પાડો. સ્વ. સાથે ગાઢ મૈત્રી કેળવો. પછી માણો જીવનનો અનેરો આનંદ. દુનિયા ચાહે કે ન ચાહે કોઈ પરવા નહી. સંસારમાંથી દિલ અલિપ્ત થઈ જશે. યાદ રહે એકલા આવ્યા, એકલા જવાનું, અહીંનું સઘળું અહીં રહેવાનું. દુનિયા શું માને કે દુનિયા શું કહેશે તેની વ્યર્થ ચિંતા શા માટે ? ખોટું નહી કરવાનું એ યાદ રહે. માન અપમાન સહુને એક સમાન વહાલાં હોય છે. છતાં પણ જે મળે તેમાં આનંદ. જીવન ન્યાયી હોય કે ન પણ હોય, જીવવા જેવું તો છે.


સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર
## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

**સતત છઠ્ઠા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.**

**મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૧૭-૧૦-૨૦૧૬ થી તા. ૨૨-૧૦-૨૦૧૬ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨ થી ૫ કલાક દરમ્યાન સહાય આપવા આવશે.**

**બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.**

**બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાન્ત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.**

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી સુનીલ મોદી**

---

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.**

(૧) **લાયન્સ કલબ ઓફ ધોબી તલાવ, મુંબઈ ચામડીના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૧૦-૮-૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૮૯ દર્દીઓને લાભ લીધેલ. તમામ દર્દીઓને કુલ ૨૪૪૧૭/- રૂા. ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં ગોધરાના ચામડીના રોગોના નિષ્ણાંત ડૉ. સંજય પટેલે સેવાઓ આપેલ.

(૨) **શ્રીમતી તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પઃ** તા. ૨૩-૮-૧૬ તથા તા. ૨૪-૮-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૦૪ દર્દીઓએ લાભ લીધેલ. તમામ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને કુલ રૂા. ૩૯૪૫૨/-ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં વિવિધ વિભાગના દર્દીઓએ લાભ લીધેલ.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

૧. **ઓપરેશન થિયેટરઃ** સુશીલાબેન રજનીકાંત શાહ (કહુજી) હ. નિતિન રજનીકાંત શાહઃ ૭૫૦૦/-

**સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામમાં ત્રણ માળ સુધીના સ્લેબ નખાઈ ગયા છે બાકીના બંન્ને સ્લેબ દિવાળીમાં પૂરા કરવાની કોશિષ છે.**

**ખૂબ ખૂબ જરૂરી માહિતી**

કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

આવકવેરા ધારામાં ચાલુ વર્ષે થયેલ સુધારા મુજબ તા. ૧-૪-૨૦૧૭ થી કલમ ૩૫ એ.સી.હેઠળ ધંધાકીય અથવા વ્યવસાયની આવક વાળા આસામીઓને (ફર્મ તથા વ્યક્તિગત ભાગીદારો) લાભ મળશે નહી.

તમો જે કાંઈ દાનની રકમ કલમ ૩૫ એ.સી.ની માન્ય સંસ્થાઓને આપશો તો પણ તેઓની કલમ ૮૦ જી હેઠળ લાભ મળશે.

કલમ ૩૫ એ.સી.હેઠળ જે આસામીઓની આવક ફક્ત પગાર, હાઉસ પ્રોપર્ટીમાંથી તથા વ્યાજની એટલે કે ધંધાકીય અથવા વ્યવસાય સિવાયની હશે તો જ તેઓને લાભ મળશે.

આથી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના જે દાતાઓએ દાનની રકમ લખાવેલ છે તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓએ કલમ ૩૫ એ.સી.નો લાભ લેવો હોય તો તેઓ તે રકમ તા. ૩૧-૩-૨૦૧૭ પહેલાં મોકલી આપે.

**માનદ્ મંત્રીશ્રીઓ**
**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**



એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

| No. | Scheme | Amount |
|---|---|---|
| 1.. | Education Scheme for Cost and Work Accountants (ICWA) Course | 5,00,000/- |
| 2. | Education Scheme for Company Secretary (CS) Courses | 5,00,000/- |
| 3. | Education Scheme for Cost & Financial Analyst (CFA) Course | 5,00,000/- |
| 4. | Primary Education Scheme (K.G. & Std. I to IV) | 7,50,000/- |
| 5. | Master Degree Course (Other than Medical) | 11,00,000/- |
| 6. | Education Scheme for Diploma Courses | 11,00,000/- |
| 7. | Education Scheme for Coaching Classes (Std. I-IX) | 11,00,000/- |
| 8. | Education Scheme for Coaching Classess (Std. X-XII) | 11,00,000/- |
| 9. | Education Scheme for Coaching Classes (Professional Courses) | 11,00,000/- |

**દાતા શ્રી પી.એમ.ધારિયા તરફથી શ્રીજી એજ્યુકેશન સ્કિમ (નીચે જણાવેલ)**
**સી.એ. કોર્સ માટે તેમજ પારિતોષિક અનુદાન પ્રાપ્ત થયેલ છે.**

- **Educatiion Scheme for Chartered Accountants (C.A.) Course — Rs. 5,00,000/-**

**ઉપરોક્ત સ્કિમ ને શ્રીજી એજ્યુકેશન સ્કિમ ફોર સ્ટડીસ ઈન ચાર્ટર્ડ એકાઉન્ટંટ કોંસના નામે નામાંકરણ થયેલ છે. આ સ્કિમના પુરસ્કૃત દાતા શ્રી પી.એમ.ધારિયા (સર્વ પ્રથમ પ્રેક્ટીસીંગ ચાર્ટર્ડ એકાઉન્ટંટ બાલાસિનોર) તે ઓ તરફથી આ સ્કિમ ના રૂા. ૫,૦૦,૨૦૧/- ની રકમ પ્રાપ્ત થયેલ છે. તદ્ ઉપરાંત રૂા. ૫૫,૧૨૧/- C.A.Intermediate and C.A.Final પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પારિતોષિક માટે ફાળવવામાં આવ્યા છે.**

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

આજથી પાંચ વર્ષ પહેલા મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરીયાતને ધ્યાનમાં લઈ, પ્રત્યેક દાતા તરફથી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક દાન-યુનીટ આવકારતી યોજના જાહેર કરવામાં આવી હતી. જેનાં ઉપક્રમે દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવતી.

આ દાન-યુનીટ યોજનાને દાતાઓ તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો અને તેને અનુલક્ષી આ યોજના આવતા પાંચ વર્ષના સમયગાળા માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

આ દાન-યુનીટ યોજનાનાં રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા ઈચ્છુક દાતાઓને આ સાથે નવેસરથી અપીલ કરીએ છીએ. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળ અને કાર્યવાહક સમિતીના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**- માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ**

# શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમ ટ્રસ્ટ

## નાસિક નજીક દેવલાલી મુકામે એક શાંત, રમણીય સુખ-શાંતિનું હરિયાળું અને પ્રદુષણ મુકત સંસ્થા



શહેરી પ્રદુષણયુક્ત ધાંધલથી છુટવા આજનો નાગરિક સાત દિવસ અથવા પંદર દિવસ અગર એક માસ માટે હવાફેર અર્થે પ્રવાસ કરવા પ્રેરાય છે. લગભગ એકસો વર્ષ પહેલા આપણા દીર્ઘદ્રષ્ટા વડીલોએ માનવીના સ્વાસ્થ્યના લાભનો વિચાર કરીને દેવલાલીમાં છ એકરની વિશાળ જગ્યા ખરીદીને લીમડા, નિલગીરી વગેરેના અનેક વૃક્ષોથી હરીભરી આચ્છાદિત ધરતીને અગિયાર બંગલાથી વિભૂષિત કરી. હાલમાં આ સ્વતંત્ર બંગલાઓને નૂતન ઢબથી સમારકામ કરાવીને સુશોભિત એટેચ્ડ બાથરૂમવાળા બે બેડરૂમની વ્યવસ્થા કરાવી છે. ઉપરાંત ટી.વી., ફ્રીજ, ગીઝર, એરકન્ડિશનર-એરકુલર, ઈન્વરટરની સગવડ પણ મળી રહે છે. ચોવીસ કલાક પાણીની વ્યવસ્થાનો અનન્ય લાભ પણ ખરો જ. ટુંકમાં શહેરી સુખ-સગવડોને ટક્કર મારે તેવા સંપૂર્ણ સજ્જ બંગલાઓમાં રસોઈની વ્યવસ્થા માટે સગવડ રાખી છે. ઉપરાંત ઘેર બેઠાં ટિફિન પહોંચાડવામાં આવે તેવી સુવિધા કરી શકાય.

શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમથી લગભગ સાતેક મિનિટના અંતરે શાક માર્કેટ અને બજાર આવેલી છે. બસ સ્ટેન્ડ (ટર્મિનલ) ચાલીને સુખપૂર્વક પહોંચી શકાય. રેલ્વેસ્ટેશન જવા માટે ઓટો રિક્શામાં પાંચ મિનિટનો સમય લાગે છે.

**તો ચાલો..**

સર્વસાધારણ નાગરિકના ગજવાને પરવડે તેવા આર્થિક ધોરણો જાળવતા અને સેનેટોરિયમને આપ આપની ઉપસ્થિતિથી ઉપકૃત કરો.

**એક વાર અમારા મહેમાન બનો તો બીજે જવાનું મન નહીં થાય.. નહીં થાય.. નહીં થાય..**

અસ્તુ

**મુંબઈનું સરનામું**

ઓટો કોમર્સ હાઉસ, રૂમ નં. ૭૦૧, ૭મે માળે, સરસ્વતી મંદિર પાસે, કેનેરી બ્રીજ, નાનાચોક, મુંબઈ-૭

**ઓફિસ :** ૨૩૮૪૦૫૯૨, ટ્રસ્ટી શ્રી યતિનભાઈ - ૨૨૪૧૦૩૩૨ (બપોરે ૧ થી ૩)

**સંજયભાઈ - ૯૨૨૪૬૨૧૨૯૯**

**દેવલાલીનું સરનામું**

૪૬-૫૩, લામ રોડ, દેવલાલી કેમ્પ, પો. દેવલાલી જી. નાસિક રોડ - ૪૨૨૪૦૧

**ટેલિફોન - ૦૨૫૩ - ૨૪૯૨૩૬૭ (મેનેજર - શ્રી સુરેન્દ્રભાઈ ભટ્ટ)**

**જગ્યા માટે ફોર્મ નીચેના સરનામે પણ મળી શકશે**

**૧) શ્રી બારભાયા ઓરફનેજ ફોર હિન્દુ ગર્લ્સ- વિલેપાર્લા (વે.) ટેલિ.: ૨૬૭૧૩૧૨૩ (સમય, ૧૧ થી ૫)**
**૨) શ્રીમતી આશા પ્રફુલ શાહ : C/o શ્રી ગણેશ કલીનીક – નવી મુંબઈ મો.: ૯૭૬૯૭૬૫૮૦૪ (સમયઃ સવારે ૧૨ થી ૨, સાંજે ૫ થી ૭)**
**૩) શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી – મલાડ (વે.) ફોનઃ ૦૨૨-૨૮૭૭૨૯૬૭ (સવારે ૯ પહેલાં – સાંજે ૫ પછી)**
**૪) શ્રીમતી ઉલ્લાસબેન મહેતા – નાલાસોપારા (ઈ.) મો: ૯૦૨૯૮૦૧૧૨૯**
**૫) શ્રી દિવ્યેશભાઈ મહેતા – નાલાસોપારા (વે.) મો.: ૯૩૨૬૪૫૭૯૧૧ / ૯૨૭૦૯૯૩૪૮૬**
**૬) શ્રી સંજયભાઈ જાની – ડોંબીવલી (વે.) મો.: ૯૨૨૪૬૨૧૨૯૯**

## બાલાસિનોર મેડિકલ સેન્ટર

મહેતા હાઉસ, ચોપાટી, મુંબઈ - ૭, Contact: 23670169, E : vdnm.medicaltrust@gmail.com

### મેડીકલ કેમ્પ

**સર્વે બાલાસિનોર વાસીઓ,**

૧) મે. મેટ્રોપોલીસનાં સહકારથી નીચે મુજબનાં બ્લડ ટેસ્ટ માટેનો એક કેમ્પ તા. ૨૬ અને અથવા તા. ૨૭ નવેમ્બર (શનિવાર અથવા રવિવાર) ૨૦૧૬નાં રોજ યોજવાનું નક્કી કરેલું છે.

૨) કેમ્પ આપણાં બાલાસિનોર મેડીકલ સેન્ટર, ચોપાટી ખાતે યોજવામાં આવશે.

૩) **ટેસ્ટની વિગતો**

✓ Thyroid Panel 1 (only for ladies),
TSH, Vitamin D3, Vitamin B12,
✓ PSA Total (Only for Gents)

૪) ઉપર મુંબઈનાં ટેસ્ટોની M.R.P. રૂા. ૪૭૫૦/- છે.

૫) આ પેકેજ બહેનો માટે ફક્ત રૂા. ૧,૩૦૦/- તથા ભાઈઓ માટે રૂા, ૧,૫૦૦/- માં નક્કી કરવામાં આવેલું છે.

૬) ટેસ્ટ રીપોર્ટ મેટ્રોપોલીસનાં જ આપવામાં આવશે.

૭) કેમ્પમાં બાલાસિનોર સિવાયની અન્ય કોઈ પણ વ્યક્તિ પેકેજનો લાભ લઈ શકશે તે આપની જાણ ખાતર.

૮) કેમ્પની વધુ વિગતો જ્યોતિપુંજના ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૧૬ના અંકમાં આપવામાં આવશે.

પંકજ ધારીયા(પ્રમુખ) - ૯૮૨૧૦૨૮૭૬૨ કિરીટ ધારીયા, નિમીશ કડકીયા (માનદ્ મંત્રીઓ)

---

**મો હે રં ગ દે**



# લોકકળાના ગરવા ગરબા

## રૂડી ને રંગીલી રે

રૂડી ને રંગીલી રે, વહાલા તારી વાંસળી રે લોલ
મીઠી ને મધુરે, કાના તારી મોરલી રે લોલ.

વાંસલડી મારે મંદિરિયે સંભળાય જો,
પાણીડાંને મશે રે, જીવણ જોવા નીસરી રે લોલ.

બેડાં મેલ્યાં માનસરોવર પાળ જો,
ઈંઢોણી વળગાડી રે આંબલિયાની ડાળીએ રે લોલ.

ગોપી તે હાલ્યાં વનરા તે વનની મોઝાર જો,
કાનવર કોડીલા રે, કેડો મારો રોકી ઊભા રે લોલ.

કેડો મેલો પાતળિયા ભગવાન જો,
સાસુડી હઠીલી, મારી નણદલ મહેણાં મારશે રે લોલ.

વાગે તારા ઝાંઝરનો ઝણકાર જો,
હળવાં હળવાં હાલો રે, તમે રાણી રાધિકા રે લોલ.

જીવડો મારો આકુળવ્યાકુળ થાય જો,
અહીંયા કોઈએ દીઠાં રે, કામણગારા કાનને રે લોલ.

નીરખી નીરખી થઈ છું હું તો ન્યાલ જો,
નરસૈયાના સ્વામી રે, બાઈયું અમને ભલે મળ્યા રે લોલ.

## વાદલડી વરસી રે

- લોકગીત

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં.
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં. ટેક
મારા પગ કેરા કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં.. વાદલડી...
મારા હાથ કેરો ચૂડલો રે,
વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો,

વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...
મારા નાક કેરી નથણી રે, વીરો મારો લેવા હાલ્યો.

વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયા મારાં ઘેરે બેઠાં
વાદલડી વરસી રે સરોવર છલી વળ્યા
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં.

---

## દિવાળી બક્ષિશ

એક અનામિ દાતા મિત્ર તરફથી છેલ્લા ૨૬ વર્ષથી દિવાળી નિમિત્તે અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦ આપવામાં આવે છે, જે ચાલુ વર્ષ દરમ્યાન પણ આપવામાં આવશે.

આનંદ થાય છે કે એક અન્ય અનામિ દાતા તરફથી બીજા વર્ષે અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૭૫૦ આપવામાં આવનાર છે.


મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૧૭-૧૦-૧૬થી તા. ૨૨-૧૦-૧૬ સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી બપોરના ૧૨ થી ૫ના સમયમાં આપવામાં આવશે. બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડરથી મોકલવામાં આવશે. બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીઆ મારફતે આપવામાં આવશે.

**બન્ને દાતાઓનો આભાર.**

**- શ્રી રજનીભાઈ લટકારી**

## આનંદ અભિનંદન ગૌરવ

### વાડસોલ કર્મવીર







### રજનીકાંત કાન્તિલાલ કડકીઆ (લટકારી)

આર.કે.કાકાના હુલામણા નામે ઓળખતા અમારા સૌના માર્ગદર્શક અને વિકટ પરિસ્થિતિમાં જાહેર જીવનમાં ઉચ્ચ યોગદાન આપનાર શ્રી રજનીકાંત કાન્તિલાલ કડકીઆ (લટકારી)નું શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળે સ્વ. નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની સ્મૃતિરૂપે 'વાડસોલ કર્મવીર' તરીકે તા. ૨૮-૮-૨૦૧૬ના રોજ કે. સી. કોલેજ ખાતે સન્માન કર્યું તે બદલ અમે સૌ યુવા મિત્રો આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ, અને આર. કે. કાકાને વધુ સફળતા મળે એ માટે પ્રભુ તેઓને દિર્ઘાયુ અને તંદુરસ્તી બક્ષે એવી પ્રાર્થના કરીએ છીએ.

લિ. યુવા મિત્રો

# શુભ કામના રૂપી રંગોળી





# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
# તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

**અનુકરણીય દાન**

સખાવતિ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. કિરીટ રમણલાલ કડકિઆ (મલમ) | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી મિનાક્ષી રાજેન્દ્ર દેસાઈ (લાટવાલા) | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રીમતી તરુબેન તથા શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ<br>(શ્રીમતી તરૂબેનના જન્મદિન નિમિત્તે) | રૂા.૧,૧૧,૧૧૧/- |
| ૪. | શ્રીમતી સુરભીબેન મહેન્દ્ર દેસાઈ (વકીલ) | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રી જેઠાલાલ મગનલાલ શાહ (ગુંથરીવાલા) (૫ યુનિટ) | રૂા.૧૦,૦૦૦/- |

**સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે**
**અને તેમના સુખ શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.**

**- કારોબારી સમિતિ વતી**
**મંજુલ શૈ.ધારિયા તથા જસ્મિન બી. શેઠ**
**માનદ્ મંત્રીઓ**


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

૧) **દિપક મોહનલાલ ધારીઆ (કંસારા)**
**સંકેત દિપક ધારીઆ**
એ-૧૦૨, અજોય કો.ઓ.હા.સો.લી.
ઓફ દત્ત મંદિર રોડ,
દહાણુકર વાડી, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૭

૨) **રૂપેશ સુધીર ગાંધી**
**નેહા રૂપેશ ગાંધી**
૪૦૩, ચોથે માળે, શ્રી પારશવ એનેઝ
૧૫, સંજીવ બાગ,
સંજીવની હોસ્પીટલની બાજુમાં
શારદા મંદિર રોડ, જૈન નગર, પાલડી
અમદાવાદ - ૩૮૦૦૦૭
ઘરનો નંબરઃ ૦૭૯-૨૬૬૩૧૪૫૫
રૂપેશ - ૦૯૮૨૫૨૭૪૪૭૧
નેહા - ૦૯૯૭૯૪૫૪૦૯૩

## કળીયુગ

**- સરલાબેન દેસાઈ (દેડકી)**

કળીયુગ આવ્યો, કળીયુગ આવ્યો,
લાંબી વાટે કળીયુગ આવ્યો.
કળીયુગની તો વાતો મોટી,
દુનિયાને તો બદલીને રહેતી.
સમજીને તો સાથ આપજો
કળીયુગની તો બલીહારી
ભુતકાળને ભુલી જાઓ
કળીયુગ રાજાને અપનાવો
ખાણીપીણી, વાણી વર્તન
કળીયુગની તો બલીહારી
નાના મોટા, સૌને પ્યારી
કળીયુગની તો વામી
ઈશને પુછીને બોલી
તારી લાકડી ભારી,
અથડાશે, પછડાશે પણ
સાથમાં રહેવું પડશે.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| પંકજભાઈ મોહનલાલ પરીખ (વકીલ) | ૬૭ |
| સુશીલાબેન રજનીકાંત શાહ (કડુજી) | ૮૮ |
| રમેશચંદ્ર કાન્તીલાલ પરીખ (મોટા) | ૭૪ |
| કીરીટભાઈ મોહનલાલ મોદી (દેવ) | ૭૭ |
| જેઠાલાલ મગનલાલ શાહ (ગુથરીવાલા) | ૯૩ |
| ચંદ્રકાંત ભીખાલાલ પરીખ (રોકડીઆ) | ૮૪ |
| રાજેશ (દિપક) રમણલાલ મોદી (ચોધરી) | ૬૭ |
| જશવંતિકા લાભશંકર શાસ્ત્રી | ૭૯ |
| અંજનાબેન રાજેન્દ્ર પરીખ | ૭૧ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**